# વિદ્યાર્થીઓને મફત આપેલાં પુસ્તકો Amazon પર વેચાઈ રહ્યાં છે

**જુદા** જુદા વિષયના પુસ્તકો રૂપિયા ૧૬૦થી ૨૫૦માં વેચાય છે

**જવાબદારો** સામે સરકાર તાત્કાલિક કાર્યવાહી કરવા કોંગ્રેસની માગ

અમદાવાદ : જે પાઠ્યપુસ્તકો રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળ પાત્ર વિદ્યાર્થીઓને મફતમાં મળવાના છે, તે જ પુસ્તકો Amazon જેવા વ્યાપારી પ્લેટફોર્મ પર પૈસા લઈને વેચાઈ રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ પ્રદેશ કોંગ્રેસએ કર્યો છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા અને મીડિયા કોઓર્ડિનેટર હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, એમેઝોન પર ઉપલબ્ધ પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર જ સ્પષ્ટ શબ્દોમાં "રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક" લખવામાં આવે છે. એટલે આ કોઈ સામાન્ય બજારમાં વેચાતું પુસ્તક નથી, પરંતુ સરકારની મફત પુસ્તક વિતરણ વ્યવસ્થાનો ભાગ છે. તેમ છતાં ધોરણ ૯, ૧૧ અને ૧૨ના કોમ્પ્યુટર સાયન્સ, હિસ્ટ્રી, અકાઉન્ટ્સ, સાયકોલોજી, યોગ સહિતના વિવિધ વિષયોના પુસ્તકો એમેઝોન પર રૂપિયા ૧૬૦થી ૨૫૦ કે તેથી વધુ કિંમતે મળતા હોવાનો ચોંકાવનારો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

કોંગ્રેસનો સીધો સવાલ છે કે જો આ પુસ્તકો ખરેખર વિનામૂલ્યે યોજના હેઠળનાં પુસ્તકો છે તો તેને એમેઝોન પર વેચવાની મંજૂરી કોણે આપી? આ પુસ્તકોનો જથ્થો એમેઝોન સુધી કેવી રીતે પહોંચ્યો? કોણે સપ્લાય કર્યો? કોની મંજૂરીથી થયો? વેચાણમાંથી મળતા નાણાં કોના ખાતામાં જાય છે? અને સૌથી મહત્વની વાત એ છે કે જે પુસ્તક સરકાર ગરીબ વિદ્યાર્થીને મફતમાં આપવાની છે તેના માટે સરકારના જ તંત્ર દ્વારા કે તેની વ્યવસ્થા હેઠળ વાલીઓ પાસેથી નાણાં શા માટે લેવામાં આવે છે? વધુ ગંભીર બાબત એ છે કે એકાદ મહિના પહેલા શિક્ષણ મંત્રી અને પાઠ્યપુસ્તક મંડળના ચેરમેન દ્વારા એમેઝોન પરથી પુસ્તકો મંગાવવાની વ્યવસ્થા અંગે એવી જાહેરાત કરવામાં આવી હતી કે વાલીઓ પાસેથી ડિલિવરી ચાર્જ લેવામાં આવશે નહીં. પરંતુ વાસ્તવિક ઓર્ડર પ્રક્રિયામાં દરેક ઓર્ડર પર ૫ જેટલો "Marketplace Fee" વસૂલાતો હોવાનો મુદ્દો પણ સામે આવ્યો છે. જો સરકારની જાહેરાત "ડિલિવરી ચાર્જ નહીં"ની હતી, તો આ વધારાનો ચાર્જ શા માટે? સરકારના નામે કરવામાં આવતી વ્યવસ્થામાં પારદર્શિતા ક્યાં છે? વાલીઓને સાચી માહિતી કોણ આપશે?

## અમદાવાદના નરોડામાંથી 1.5 કરોડના એમ્બરગ્રીસ સાથે ત્રણ ઝડપાયા

અમદાવાદ: અમદાવાદના નરોડા વિસ્તારમાંથી રૂ.1.5 કરોડની અંદાજિત કિંમતનું 1.051 કિલોગ્રામ એમ્બરગ્રીસ (વ્હેલમાંથી મળતો મીણ જેવો પદાર્થ) જપ્ત કરી ત્રણ આરોપીની શહેર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે ત્રણ વ્યક્તિઓ એમ્બરગ્રીસનો જથ્થો વેચવા અને તેની હેરાફેરી કરવાના ઈરાદે નરોડા વિસ્તારમાં રોકાયા છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્રણ શખ્સ પાસેથી 1.051 કિલોગ્રામ એમ્બરગ્રીસનો જથ્થો જપ્ત કરી આરોપી મહેશ લક્ષ્મણ રાઠોડ, કિરણ ઉર્ફે ભુરા ભરવાડ અને કરણ દીનાનાથ ગોડની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# IIT, NIT અને IIMના તેજસ્વી વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં આપઘાત કેમ કરે છે?




ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

તમે બધાએ આમિર ખાનની ફિલ્મ '3 ઈડિયટ્સ' જોઈ હશે, જે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ પર આધારિત છે. આ ફિલ્મ વિદ્યાર્થીઓ પર પ્રોજેક્ટો, પરીક્ષાઓ અને સમયમર્યાદાના દબાણને દર્શાવે છે. ફિલ્મમાં આવું જ એક પાત્ર લોબો છે, જેનો પ્રોજેક્ટ એક દિવસ મોડો હોવાથી નકારી કાઢવામાં આવે છે અને તેના આઘાતમાં તે આત્મહત્યા કરે છે. ચાર દિવસ પહેલાં જ, દેશની પ્રખ્યાત સંસ્થા IIT મુંબઈમાં દલિત વિદ્યાર્થી સાહિલ કોકાડેની આત્મહત્યાના સમાચાર આઘાતજનક હતા. IITની સિસ્ટમમાં કોઈ ગંભીર ખામી છે, જેને કારણે સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આપઘાત કરે છે. કાનપુરની IITમાં છેલ્લાં 18 વર્ષમાં નવ વિદ્યાર્થીઓ અને એક પ્રોફેસરે આત્મહત્યા કરી હતી. 2024માં ત્રણ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. શું અભ્યાસનું દબાણ કે પરિવારથી દૂર રહેવાની એકલતા આ વિદ્યાર્થીઓની આત્મહત્યા પાછળનું કારણ હોઈ શકે છે? જાણીતા લેખક ચેતન ભગત કહે છે કે IITમાં પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થી પોતાના શહેર કે પ્રદેશમાં સ્ટાર હોય છે. શાળાના ટોપર્સ વિદ્યાર્થીઓ પડોશીઓ, મિત્રો અને સંબંધીઓ તરફથી ખૂબ જ આદર મેળવે છે, પરંતુ એકવાર તેઓ IITમાં પહોંચે છે, ત્યારે તેઓ પોતાને એવા વર્ગમાં જુએ છે, જે તેમના જેવા જ લોકોથી ભરેલો હોય છે. જ્યારે વર્ગ ટોપર્સથી ભરેલો હોય, ત્યારે દરેક વ્યક્તિ ટોપર બની શકતી નથી. જે વ્યક્તિની ઓળખ ઉચ્ચ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી તરીકેની હોય, તેના માટે વર્ગમાં એક સરેરાશ વિદ્યાર્થી બનવાની નવી વાસ્તવિકતા અત્યંત આઘાતજનક હોઈ શકે છે.

આ જ કારણસર કેટલાક વિદ્યાર્થીઓ છેતરપિંડી જેવી અનૈતિક પદ્ધતિઓનો આશરો લે છે. ઘણી ટોચની અમેરિકન કોલેજો છેતરપિંડીને ખૂબ જ ગંભીરતાથી લે છે, જેના પરિણામે ઘણીવાર શિસ્તભંગનાં કડક પગલાં લેવામાં આવે છે, પરંતુ ભારતમાં પરીક્ષામાં છેતરપિંડી કરતા પકડાયેલા વિદ્યાર્થી સાથે શું કરવું જોઈએ તેની હજુ પણ સ્પષ્ટ સમજ નથી. આત્મહત્યા કરનારા મોટાભાગના વિદ્યાર્થીઓએ કોઈને જવાબદાર ઠેરવ્યા ન હતા. કેટલાક લોકોએ IIT કાનપુરના તણાવને તેમની આત્મહત્યાનું કારણ ગણાવ્યું હતું. IIT કાનપુર વિદ્યાર્થીઓના તણાવને દૂર કરવા માટે 24 કલાક કાઉન્સેલિંગ પૂરું પાડે છે, પરંતુ IIT કાનપુર કેમ્પસમાં વિદ્યાર્થીઓએ વર્ષ-દર-વર્ષ આત્મહત્યાનો વિકલ્પ પસંદ કર્યો છે તે દર્શાવે છે કે કાઉન્સેલિંગમાં નોંધપાત્ર સુધારાની જરૂર છે. કાનપુરના વરિષ્ઠ મનોચિકિત્સક ડૉ. આલોક બાજપાઈ કહે છે કે IIT જેવી સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ સામાન્ય રીતે તેજસ્વી હોય છે, પરંતુ મોટા ભાગના વિદ્યાર્થીઓ કામના ભારણને સંભાળી શકતા નથી અને આત્મહત્યાનો માર્ગ પસંદ કરે છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ વધુને વધુ એકલા પડી જાય છે. ડૉ. આલોક સલાહ આપે છે કે જો કોઈ વિદ્યાર્થી આત્મહત્યા કરવાનું વિચારી રહ્યો હોય, તો તેણે તરત જ તે સ્થાન છોડી દેવું જોઈએ જ્યાં તેના નકારાત્મક વિચારો આવ્યા હતા. તેણે તાત્કાલિક મદદ લેવી જોઈએ અને બીજી વ્યક્તિ સાથે વાતચીત કરવી જોઈએ. હંમેશા એવું ન માનો કે તમે સૌથી હોંશિયાર વ્યક્તિ છો. જો તમે કોઈ સમસ્યામાં અટવાઈ ગયા છો, તો એવી વ્યક્તિ સાથે વાત કરો જે તમને તેને ઉકેલવામાં મદદ કરી શકે. અભ્યાસ કરતી વખતે હંમેશા તમારા પ્રદર્શનને તમારા જીવન પર હાવી ન થવા દો.

IITના વિદ્યાર્થીઓ આપઘાત કેમ કરે છે તે જાણવા માટે કેટલાક કિસ્સાઓ તપાસવા જરૂરી બની રહે છે. પીએચડી વિદ્યાર્થી પ્રગતિ ખાર્યાએ કેમ્પસમાં આત્મહત્યા કરી હતી. તેણીએ તેના હોસ્ટેલ રૂમમાં આત્મહત્યા કરી હતી. તેણીની આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી અસ્પષ્ટ છે. તેણીની સુસાઇડ નોટ પણ અસ્પષ્ટ છે. તેણીએ પાંચ પાનાંની સુસાઇડ નોટ છોડી છે, જેમાં તેણીએ કોઈને જવાબદાર ઠેરવ્યા નથી. જોકે, અત્યાર સુધી જે કારણ બહાર આવ્યું છે તે એ છે કે પ્રગતિએ એકલતાને કારણે આ આત્યંતિક પગલું ભર્યું હતું. પ્રગતિનો પરિવાર, પોલીસ અને સંસ્થાનું મેનેજમેન્ટ પણ તેણીની આત્મહત્યાના કારણો વિશે અચોક્કસ જણાય છે. મેરઠ નિવાસી એમટેક વિદ્યાર્થી વિકાસ મીણાએ આત્મહત્યા કરી હતી. પોલીસને વિકાસના રૂમમાંથી એક સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં લખ્યું હતું કે તેનું શૈક્ષણિક પ્રદર્શન નબળું હતું અને તેણે આ આત્યંતિક પગલું ભર્યું હતું. વિકાસના મૃત્યુથી સાથી વિદ્યાર્થીઓ ઘણા દિવસો સુધી આઘાતમાં હતા. તેના મૃત્યુ પછી કાનપુર પોલીસ કમિશનર વ્યક્તિગત રીતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. IITના વહીવટી અધિકારીઓએ કેમ્પસના વાતાવરણમાં સુધારો કરવાનો દાવો કર્યો હતો. જોકે, વાતાવરણ વિદ્યાર્થીઓને જરૂરી સ્તર સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું હતું. વિકાસની આત્મહત્યાના માત્ર છ દિવસ પછી ઝારખંડની પીએચડી વિદ્યાર્થીની પ્રિયંકા જયસ્વાલે IIT કાનપુર કેમ્પસમાં આત્મહત્યા કરી હતી. બપોરે સાથી વિદ્યાર્થીઓ પ્રિયંકાના રૂમની બહાર પહોંચ્યા ત્યારે તેમણે તેનો મૃતદેહ છતના પંખા સાથે લટકતો જોયો હતો. ઘટના પછી ઘણા મહિનાઓ સુધી કોઈ વિદ્યાર્થી રૂમ નંબર 312માં પ્રવેશ્યો ન હતો. પ્રિયંકાના સાથી વિદ્યાર્થીઓએ કહ્યું કે તે છેલ્લા કેટલાક સમયથી તણાવમાં હતી. તણાવનું કારણ શૈક્ષણિક બોજો હોવાનું જણાવાયું હતું. પ્રિયંકાના મૃત્યુનું ચોક્કસ કારણ અગમ્ય છે. પ્રિયંકા 29 ડિસેમ્બર, 2023ના રોજ IIT પહોંચી હતી અને માત્ર 21 દિવસ પછી તેણે કેમ્પસમાં આત્મહત્યા કરી હતી. IIT કાનપુરમાં વિદ્યાર્થીઓની જેમ પ્રોફેસરો પણ આપઘાત કરે છે. પ્રિયંકા જયસ્વાલની આત્મહત્યાના લગભગ એક મહિના પહેલાં ઓડિશાના કટકની રહેવાસી 34 વર્ષીય પલ્લવી ચિલ્કાએ IIT કાનપુર કેમ્પસમાં રિસર્ચ ફેકલ્ટી સભ્ય તરીકે કામ કરતી વખતે આત્મહત્યા કરી હતી. ડૉ. પલ્લવી ઓગસ્ટમાં IIT કાનપુરમાં જોડાયાં હતાં. ડૉ. પલ્લવીના મૃત્યુથી IITમાં તેમના નજીકના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. કમિશનરેટ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ જ્યારે IIT પહોંચ્યા ત્યારે રૂમમાં કોઈ સુસાઇડ નોટ મળી ન હતી. IITના વહીવટી અધિકારીઓનું માનવું હતું કે ડૉ. પલ્લવીએ કામના દબાણને કારણે આત્મહત્યાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

ડૉ. પલ્લવી IIT કાનપુરમાં બાયોલોજિકલ સાયન્સ અને બાયોએન્જિનિયરિંગ વિભાગ સાથે સંકળાયેલાં હતાં. IIT કાનપુરના રસાયણશાસ્ત્ર વિભાગના તેજસ્વી પીએચડી વિદ્યાર્થી અંકિત યાદવે તેના હોસ્ટેલ રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાએ સમગ્ર કેમ્પસને હચમચાવી નાખ્યું છે. અંકિત યાદવે દિલ્હી યુનિવર્સિટીમાંથી B.Sc. અને IIT દિલ્હીમાથી M.Sc.ની ડિગ્રી મેળવી હતી. જુલાઈ 2024માં તેણે પ્રોફેસર પરિતોષ સારથી સુબ્રમણ્યમના માર્ગદર્શન હેઠળ IIT કાનપુરમાં પીએચડીના પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો હતો. અંકિતને પાંચ વર્ષની UGC ફેલોશિપ મળી હતી, જેમાં પહેલાં બે વર્ષ માટે માસિક 37,000 રૂપિયા અને બાકીના ત્રણ વર્ષ માટે 41,000 રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવ્યું હતું. અંકિત યાદવની આત્મહત્યા પછી અભ્યાસના તણાવનો મુદ્દો સામે આવ્યો છે. વિદ્યાર્થી બાબતોના ડીન પ્રોફેસર પ્રતીક સેનના મતે પીએચડીનો વાસ્તવિક તણાવ ત્રણ વર્ષ પછી શરૂ થાય છે. અંકિતે હમણાં જ તેનું પહેલું સેમેસ્ટર શરૂ કર્યું હતું, તેથી તેનો અભ્યાસ તણાવપૂર્ણ ન હોવો જોઈએ. તેમ છતાં, અંકિત યાદવે આપઘાત કર્યો તેની પાછળ કેમ્પસનું વાતાવરણ જવાબદાર હોઈ શકે છે.સરકારે રાજ્યસભામાં માહિતી આપી હતી કે 2018થી 2022 સુધીનાં પાંચ વર્ષમાં IIT, NIT અને IIM જેવી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાં 55 વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. શિક્ષણ રાજ્યમંત્રી સુભાષ સરકારે એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન (IIT), રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી સંસ્થાન (NIT) અને ભારતીય વ્યવસ્થાપન સંસ્થાન (IIM) માં વિદ્યાર્થીઓની આત્મહત્યાના 55 કેસ નોંધાયા છે. તેમણે જણાવ્યું હતું કે આવી ઘટનાઓની સંખ્યા 2018માં 11, 2019માં 16, 2020માં પાંચ, 2021માં સાત અને 2022માં 16 હતી. UGCએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલી રાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ કાર્યયોજના લાગુ કરી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**જે વિદ્યાર્થીની ઓળખ પોતાના ગામમાં ટોપર વિદ્યાર્થી હોવા પર આધારિત હતી, તેના માટે વર્ગમાં એક સરેરાશ વિદ્યાર્થી બનવાની નવી વાસ્તવિકતા અત્યંત આઘાતજનક હોઈ શકે છે**

# આરોગ્ય મંત્રીની મુલાકાતના 24 કલાકમાં જ ગરુડેશ્વર હોસ્પિટલના વિસ્તરણની કવાયત શરૂ

**SDH** હોસ્પિટલમાં વધતા દર્દીભારને પહોંચી વળવા ઉપરના માળનું વિસ્તરણ, ડાયાલિસિસ સેન્ટર અને સ્વજનો માટે નવા ભવનની તૈયારી

ગાંધીનગર: ગરુડેશ્વરની સરકારી SDH હોસ્પિટલમાં દર્દીઓની વધતી સંખ્યાને પગલે હવે આરોગ્ય સુવિધાઓના વિસ્તરણની કવાયત હાથ ધરાઈ છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની 22 સપ્ટેમ્બરની રાત્રિની આકસ્મિક મુલાકાત બાદ માત્ર 24 કલાકમાં જ PIU (Health) વિભાગે હોસ્પિટલની સ્થળ મુલાકાત લઈને વિસ્તરણ માટેની કામગીરી શરૂ કરી છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ 22 સપ્ટેમ્બરની રાત્રે મુલાકાત દરમિયાન દર્દીઓની સંખ્યા વધી રહી હોવાનું ધ્યાનમાં આવતાં માળખાકીય સુવિધાઓ વધારવા મંત્રીએ PIU (Health) વિભાગને તાત્કાલિક આયોજન કરવા સૂચના આપી હતી. તેના પગલે સૂચનાના માત્ર 24 કલાકમાં જ PIUના અધિકારીઓએ હોસ્પિટલની સ્થળ મુલાકાત લીધી હતી. સ્થળ મુલાકાત દરમિયાન હોસ્પિટલના હાલના માળખા, ઉપલબ્ધ જગ્યા અને ભવિષ્યમાં વધનારા દર્દીભારને ધ્યાનમાં રાખીને વિસ્તરણની શક્યતાઓ ચકાસવામાં આવી હતી. ઉપરના માળના વિસ્તરણ ઉપરાંત નવા ડાયાલિસિસ યુનિટ અને દર્દીઓના સ્વજનો માટે વધારાની સુવિધાઓ ઊભી કરવા અંગે પણ ટેકનિકલ મૂલ્યાંકન કરાયું હતું. PIU (Health)ના કાર્યપાલક ઈજનેર અમિષ એસ. પટેલના જણાવ્યા મુજબ સ્થળ નિરીક્ષણના આધારે ટેકનિકલ વિગતો, અંદાજિત ખર્ચ અને અમલીકરણની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે.

ગરુડેશ્વર SDHના મેડિકલ ઓફિસર ડૉ. શૈલેશ ભીલના જણાવ્યા મુજબ આકસ્મિક મુલાકાત દરમિયાન હોસ્પિટલના વિવિધ વિભાગો, સારવાર વ્યવસ્થા, દવાઓની ઉપલબ્ધતા, ઈમરજન્સી સેવા, લેબોરેટરી અને સ્વચ્છતા સહિતની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. હવે દર્દીઓને વધુ સુવિધાયુક્ત આરોગ્ય સેવા મળી રહે તે માટે જરૂરી સંકલન હાથ ધરાયું છે.

# BAMS-BHMS પ્રવેશના પ્રથમ રાઉન્ડમાં 4,558 બેઠક ફાળવાઈ

**ટ્યુશન** ફી 30 સપ્ટેમ્બર સુધીમાં ભરવાની રહેશે

અમદાવાદ: શૈક્ષણિક વર્ષ 2026-27 માટે આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમોની સ્નાતક કક્ષાની BAMS અને BHMS પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડનું ઓનલાઈન પરિણામ પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. પ્રથમ રાઉન્ડની ગુજરાત સ્ટેટ ક્વોટા પ્રવેશ પ્રક્રિયા હેઠળ કુલ 6,826 ઉમેદવાર મેરિટ લિસ્ટમાં સામેલ હતા, જેમાંથી 6,346 ઉમેદવારએ ઓનલાઈન ચોઈસ ફિલિંગ કર્યું હતું. જ્યારે 15 ટકા SFI-AIQ ક્વોટા હેઠળ કુલ 581 ઉમેદવાર મેરિટ લિસ્ટમાં હતા, જેમાંથી 530 ઉમેદવારએ ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી હતી.

પ્રથમ રાઉન્ડમાં ફાળવવામાં આવેલી બેઠકો માટે ટ્યુશન ફી તા. 23 સપ્ટેમ્બરથી 30 સપ્ટેમ્બર, 2026 દરમિયાન ઓનલાઈન અથવા પ્રવેશ સમિતિ દ્વારા મંજૂર HDFC બેંકની શાખા ખાતે ભરવાની રહેશે. જ્યારે ફાળવવામાં આવેલી બેઠક માટે રિપોર્ટિંગની પ્રક્રિયા તા. 24 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર, 2026 સુધી રાખવામાં આવી છે. સ્ટેટ ક્વોટા હેઠળ આયુર્વેદના અભ્યાસક્રમમાં 1,710 બેઠક અને હોમિયોપેથીના અભ્યાસક્રમમાં 2,400 બેઠક ફાળવવામાં આવી છે. જ્યારે 15 ટકા SFI-AIQ ક્વોટા હેઠળ BAMSની 260 અને BHMSની 188 બેઠક ફાળવાઈ છે. આમ, બંને ક્વોટા મળીને BAMSની કુલ 1,970 અને BHMSની કુલ 2,588 બેઠક સહિત કુલ 4,558 બેઠકનું પ્રથમ રાઉન્ડમાં એલોટમેન્ટ કરવામાં આવ્યું છે.

પ્રથમ રાઉન્ડ બાદ સ્ટેટ ક્વોટામાં આયુર્વેદની 147 અને હોમિયોપેથીની 972 બેઠક ખાલી રહી છે. તેમાં સ્ટેટ ક્વોટાની MQ કેટેગરીમાં આયુર્વેદની 22 અને હોમિયોપેથીની 312, NRI કેટેગરીમાં આયુર્વેદની 107 અને હોમિયોપેથીની 391, જ્યારે PwD કેટેગરીમાં બંને અભ્યાસક્રમની 18-18 બેઠક ખાલી છે. GQ કેટેગરીમાં BAMSની એક પણ બેઠક ખાલી નથી, જ્યારે હોમિયોપેથીની 251 બેઠક ખાલી રહી છે. આ ઉપરાંત 15 ટકા SFI-AIQ ક્વોટા હેઠળ આયુર્વેદની એક પણ બેઠક ખાલી નથી, જ્યારે હોમિયોપેથીની 337 બેઠક ખાલી રહી છે.

# BUSINESS મિત્ર

**મેટલ-FMCGના જોરે નિફ્ટી 23,400 પાર, રોકાણકારોની સંપત્તિ 1.78 લાખ કરોડ વધી**

# ગ્લોબલ ઉત્સાહથી દલાલ સ્ટ્રીટ ગુલઝાર: સેન્સેક્સમાં ઉછાળો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 23:** વૈશ્વિક બજારના ઉત્સાહ વચ્ચે ભારતીય શેરબજારમાં પણ ખરીદીનું વાતવારણ જોવા મળ્યું હતું. એફએમસીજી અને મેટલ શેરોની મજબૂતીએ સેન્સેક્સ 400 પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટી 23450 નજીક બંધ રહી હતી. બ્રોડર માર્કેટમાં પણ સારી માગ જોવાઇ હતી.

આઈટી સેકટરે આજે પણ બજારને નીચે દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મેટલ, એએફએમસીજી, પીએસયુ બેન્ક, રિયલ્ટી સેકટરનો સારો ટેકો મળ્યો હતો. જેમાં નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.5 ટકાના વધારા સાથે બંધ થયા છે, જ્યારે એફએમસીજી, સરકારી બેન્કો અને રિયલ્ટી ઈન્ડેક્સમાં 101 ટકાથી વધુના વધારા સાથે બંધ થયા છે. જ્યારે આઈટી અને મીડિયા શેરોમાં ઘટાડો નોંધાયો છે. આ વાતાવરણમાં બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં આજે 1.78 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

બીએસઈ સેન્સેક્સ 299.10 પોઈન્ટ એટલે કે 0.40 ટકા વધીને 74828.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ



74973 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74599 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 117.80 પોઈન્ટ એટલે કે 0.51 ટકા વધીને 23400 પોઈન્ટની સપાટી કુદાવીને 23446.80 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23466 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 23349 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 333.35 પોઈન્ટ એટલે કે 0.59 ટકા વધીને 56548.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એસકોર્ટ કુબોટામાં 270.62 ગણા, એલાઈડ બ્લેન્ડર્સમાં 341.2 ગણા, એલીકોન એન્જીનીયરીંગમાં 23.49 ગણા, મીસોમાં 17.52 ગણા અને સુપ્રીમ ઈન્ડ.માં 13.88 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એલીકોન એન્જીનીયરીંગમાં 129.65 ગણા, બિકાજી ફુડસમાં 23.39 ગણા, ઓલેકટ્રા ગ્રીનેટકમાં 5.41 ગણા, 360 વન વામ લિ.માં 4.61 ગણા અને ઓલા ઈલે. મોબીલિટીમાં 4.54 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.63 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.65 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ સુધર્યો હતો. બીએસઈ ખાતે 2811 શેરો વધ્યા હતા, જ્યારે 1578 શેરો ઘટ્યા હતા અને 208 શેરો યથાવત રહ્યા હતા. વૈશ્વિક સ્તરે સાઉદી પાઈપલાઈન ફરીથી શરૂ થવા અને મીડલ ઈસ્ટની રાજદ્વારી પ્રગતિના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં નરમાશ વચ્ચે પણ યુરોપિયન બજારોમાં ઘટાડાની ચાલ જોવા મળી હતી. જ્યારે એશિયન બજારો મિશ્ર બંધ રહ્યા હતા. રોઈટર્સના અહેવાલ મુજબ સાઉદીની પાઈપલાઈનેન નુકશાન થયું હતું, જે ફરીથી શરૂ કરી છે, જેમાં લાલ સમુદ્રથી મુખ્ય બંદર યાનબુ પરથી ક્રુડ શીપમેન્ટ ફરીથી શરૂ થવાની સંભાવના છે. અમેરિકાએ પણ ઈરાનમાં શાંતિ કરારની નજીક હવાના સંકેતથી ક્રુડ વાયદો 100 ડોલરની નીચે સરકી ગયો છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.21 ટકા, કેક 0.36 ટકા અને ડેક્સ 0.65 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 1.36 ટકા, તાઈવાન 0.74 ટકા, કોસ્પી 0.89 ટકા અને જકાર્તા 1.54 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.40 ટકા, હેંગસેંગ 1.13 ટકા અને સ્ટ્રેઈટસ 0.24 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો

અમદાવાદ, તા. 23: કરન્સી બજારમાં આજે રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો જોવા મળ્યો હતો. સતત બે દિવસથી રૂપિયાની સુધારાની ચાલ બાદ આજે ઘટાડો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 14 પૈસા ઘટીને 95.74ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.60ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.79, પાઉન્ડ 127.65, કેનેડિયન ડોલર 67.90, ઓસ્ટ્રેલિયન ડોલર 67.97, જાપાનીઝ યેન 0.6061 અને સીંગાપોર ડોલર 74.79ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.74 રૂ. |
| યુરો | 108.79 રૂ. |
| પાઉન્ડ | 127.65 રૂ. |
| યેન | 0.6061 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 299.17 | 74828.25 |
| નિફ્ટી | 117.80 | 23446.80 |
| બેન્ક નિફ્ટી | 333.35 | 56548.90 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 3.41 | 1043.20 |
| હિન્દાલ્કો | 3.17 | 1003.80 |
| ટાટા સ્ટીલ | 3.16 | 190.82 |
| અપોલો હોસ્પિટલ | 2.64 | 9069.00 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.43 | 1297.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 1.08 | 1256.70 |
| ટાઇટન કંપની | 0.98 | 4880.00 |
| ઇન્ફોસીસ | 0.86 | 1020.50 |
| કોલ ઇન્ડિયા | 0.81 | 424.55 |
| ટીસીએસ | 0.73 | 2089.60 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 3.28 | 190.75 |
| બજાજ ફાઇનાન્સ | 3.07 | 1040.00 |
| આઇટીસી | 1.77 | 269.75 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.73 | 11187.70 |
| પાવરગ્રીડ | 1.65 | 270.40 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 1.10 | 1256.00 |
| ઇન્ફોસીસ | 1.03 | 1019.20 |
| ટીસીએસ | 0.95 | 2085.90 |
| ટાઇટન કંપની | 0.60 | 4880.40 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.49 | 3035.00 |

# ગોતમ અદાણી ભારતના સૌથી ધનિક વ્યક્તિ, મુકેશ અંબાણી બીજા નંબરે

**ટૉરેન્ટ** ગ્રુપના સમીર મહેતા અને પરિવારે પ્રથમ વખત ટોપ-10માં

નવી દિલ્હી, તા. 23: ગૌતમ અદાણી અને તેનો પરિવાર ભારતના સૌથી ધનિક લકોની યાદીમાં ફરીથી નંબર વન પર પહોંચી ગયો છે. તે જ સમયે, લાંબા સમયથી ટોચના સ્થાને રહેલા મુકેશ અંબાણી અને તેમનો પરિવાર હવે બીજા સ્થાને છે. એમ3એમ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026 મુજબ, અદાણી પરિવારની કુલ સપંત્તિ 12 ટકા વધીને 9.23 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. બીજી તરફ, મુકેશ અંબાણી અને પરિવારની સંપત્તિ 10 ટકા ઘટીને 8.63 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

હુરૂનનિ વર્ષ 2026ની યાદીમાં કુલ 1810 એવા લોકોનો સમાવેશ થાય છે, જેમની સંપત્તિ ઓછામાં ઓછી 100 કરોડ રૂપિયા છે. આ તમામની કુલ સંપત્તિ રૂ. 187.5 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.. આ ગત વર્ષની સરખામણીમાં 12.8 ટકાનો વધારો છે. આ રકમ ભારતના જીડીપીના લગભગ અડડધા જેટલી છે. ભારતમાં હવે 391 ડોલરના અબજપતિઓ છે. તે જ સમયે અબજોપતિઓની સંખ્યામાંનોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા એક વર્ષમાં જ 27 નવા ડોલર અબજોપતિઓ ઉમેરાયા છે.

આ વર્ષે સ્ટીલ, મેટલ અને ફાર્મા બિઝનેસ સાથે જોડાયેલા ઘણા નામ ટોપ-10માં આવ્યા છે. ગૌતમ અદાણી અને મુકેશ અંબાણી બાદ આર્સેલર મિત્તલનો એલએન મિત્તલ અને પરિવાર ત્રીજા સ્તાને પહોંચી ગયો છે. તેમની સંપત્તિ 93 ટકા વધીને રૂ. 3.39 લાખ કરોડ થઈ ગઈ છે. એક વર્,માં તેમની સંપત્તિમાં રૂ. 1.64 લાખ કરોડનો વધઆરો થયો છે, જે આ યાદીમાં સૌથી મોટો વધારો છે.

અનિલ અગ્રવાલ અને વેદાન્ત રિસોર્સીસનો પરિવાર સાત સ્થાનના ફાયદા સાથે નવમા ક્રમે પહોંચી ગયો છે. તેમની સંપત્તિ 87 ટકા વધીને રૂ. 2.08 લાખ કરોડ થઈ ગઈ છે. ત જ સમયે, સમીર મહેતા અને ટોરેન્ટ ફાર્માના પરિવારે પણ પહેલીવાર ટોપ-10માં સ્થાન મેળવ્યું છે. તેમની સપત્તિ 52 ટકા વધીને રૂ. 1.89 લાખ કરોડ થઈ ગઈ છે. ધનિકોની યાદીમાં તેઓ 10માં સ્થાને છે.

### ટેકનોલોજીને એક અલગ સેકટર તરીકે સામેલ કરાયું

આ વખતે ટેકનોલોજીનું એક નવું ક્ષેત્ર પણ હરૂનની યાદીમાં સ્થાન મેળવ્યું છે. બેંગલુરૂના ક્યુપીઆઇઆઇના નાગેન્દ્ર નાગરાજા ક્વોન્ટમ કમ્પ્યુટિંગથી સંપત્તિ કમાવનાર પ્રથમ ઉદ્યોગપતિ બન્યા છે. તેમની સંપત્તિની કિંમત 1700 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ એક અલગ ક્ષેત્ર તરીકે આ યાદીમાં સામેલ થઇ ચૂકી છે. આ વર્ષે આ યાદીમાં એઆઇ સાથે સંકળાયેલા 19 લોકો છે, જેમની કુલ સંપત્તિ 3.07 લાખ કરોડ રૂપિયા છે. 15 નવા નામો છે. આ યાદીમાં એઆઇ કંપની વિસ્પર ફ્લોના 28 વર્ષીય તનય કોઠારી અને 28 વર્ષીય સહજ ગર્ગ પણ જોડાયા છે. બંનેની 4200 કરોડ રૂપિયાની સંપત્તિ છે.

# એનએસઈના શેર બીએસઈની સાથે એમએસઈઆઈ પર પણ ટ્રેડ થશે

**એનએસઇ** પર લિસ્ટીંગની મંજુરી નહીં મળતા એમએસઇઆઇમાં લિસ્ટીંગ કરાશે

મુંબઈ, તા. 23: એનએસઈના શેરોના ટ્રેડિંગને લઈને એક મહત્વપુર્ણ અપડેટ સામે આવ્યું છે. એનએસા શેર બીએસઈની સાથે મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (એમએસઈઆઇ) પર ટ્રેડ થશે. આ અંગે એમએસઈઆઈએ પરિપત્રમાં જણાવ્યું છે. એમએસઈઆઈના જણાવ્યા અનુસાર 24 સપ્ટેમ્બરથી એક્સચેન્જના કેપિટલ માર્કેટ સેગમેન્ટમાં પરમિટેડ ટુ ટ્રેડ કેટેગરી હેઠળ ટ્રેડિંગ માટે એનએસઈના ઈક્વિટી શેરનો સમાવેશ કરવામાં આવશે. પરમિટ ટુ ટ્રેડનો અર્થ એ છે કે એક્સચેન્જે તેના પ્લેટફોર્મ પર ટ્રેડિંગ માટે કંપનીના શેરને મંજુરી આપી છે, એટલે કે રોકાણકારો તે એક્સચેન્જ દ્વારા શેર ખરીદી અને વેચી શકે છે, તે જરૂરી નથી કે કંપનીનું લિસ્ટીંગ એક જ એક્સચેન્જ પર હોય. ઉલ્લેખનીય છે કે, એનએસઈના આઈપીઓને રોકાણકારોનો સારો પ્રતિસાદ મળ્યો છે. બીડીંગના છેલ્લા દિવસે આઈપીઓને કુલ 5.71 ગણું સબસ્ક્રિપ્શન મળ્યું હતું. બીડીંગના છેલ્લા દિવસે 22561.57 કરોડના આઈપીઓ માટે 50.60 કરોડ શેર માટે બીડ મળી હતી.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૬૭૦ |
| તેજાબી સોનું | ૧૫૬૫૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૮૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૬૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૦૦૦ |